જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૬૨/૧૭**

**સરદારનગર પોલીસ સ્ટેશન**

(ગણના પાત્ર પ્રોહીબીશન કેસ)

આજરોજ અમદાવાદ શહેર ના મે .પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પો. કમિશ્નર સેકટર ૨ સાહેબના હુકમથી તથા ઝોન-૪ સા શ્રી તથા મ.પો.કમિશ્નર શ્રી જી'ડીવીજન નાઓની જાણ સારૂ પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સાહેબ નાઓની સુચના હે.કો.જીવણભાઇ મેઘજીભાઇ બ.ન.૭૫૫૦ તથાપો.કો. સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ તથા પો.કો. કિરણકુમાર ચંદુભાઇ બ.નં.૫૭૭૦ તથા પો.કો. ભરતકુમાર ગાંડુભાઇ બ.ન.૧૦૧૭૩ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૫૬ તથા પો.કો.શક્તિસિંહ લાલુંભા બ.ન.૩૧૨૯ તથા પો.કો.વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે .વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો. સંદિપસિંહ કોદરસિંહ તથા પો.કો. ભરતકુમાર ગાંડુભાઇ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે એ વોર્ડ વાજાવાળી ની ચાલી પાછળ મ્યુનિસિપલ બગીચા પાસે અંધારામાં સફેદ કલરની હ્યુનડાઇ કાર નં GJ-01-HK-4696 ઉભી રાખી કેટલાક ઇસમો તેમાંથી ગે.કા.પરપ્રાંતીય ઇંગ્લીશ દારુનો સગેવગે કરે છે.જે હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા એ હકિકત સાચી જણાતા રેઈડ કરવા જતા પહેલાં કોઇએ પોલીસ તેવી બુમ પાડતા તે ઇસમો મુદામાલ સ્થળ પર જ મુકી ભાગવા લાગેલ અને અંધારામાં ગલીઓમાં ભાગેલ જેનો સ્ટાફ ના માણસોએ પીછો કરતાં પકડાયેલ નહિ. બાદ પંચો રૂબરૂ સદરી જગ્યા એ તપાસ કરતા **હ્યુનડાઇ કાર માથી રોયલ સ્ટેગ કલાસિક વ્હીસ્કી તથા ઓફિસર'સ ચોઇસ કલાસિક વ્હીસ્કી તથા એ.સી. વ્હીસ્કી નંગ-૨૨૪ ની કિ.રુ ૪૦,૮૦૦ તથા હ્યુનડાઇ ગેટઝ કાર ની કિં.રૂ.૨,૫૦,૦૦૦-/ કુલ્લે કિ .રુ ૨,૯૦,૮૦૦/- મતાનો મુદામાલ** મળી આવતા પંચનામા વિગતે કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે .આમ ,સરદારનગર પોલીસ દ્વારા ગણના પાત્ર પ્રોહીબીશનનો જથ્થો શોધી પ્રસંશનિય કામગીરી કાર્યવાહી કરેલ છે .તા.૧૧/૧૦/૨૦૧૭.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.